**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૭ ટકા

# શહેરમાં કલાત્મક તાજીયા જુલુસ

## મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા : ઠેર ઠેર શરબતનુ વિતરણ કરાયુ : કોમી એખલાસનો માહોલ જોવા મળ્યો





ગાંધીનગર, તા.૧૦ શહેરમાં આજે મહોરમ નિમિત્તે ભવ્ય તાજીયા જુલુસ નિકળ્યુ હતુ. નગરમાં સે-૨૪, ચરેડી અને સે-૨૯ હુસેની ચોક ખાતેથી કલાત્મક તાજીયા જુલુસ નિકળ્યુ હતુ. ઈસ્લામ ધર્મમાં ઈદ હર્ષોઉલ્લાસનો પર્વે છે. જયારે મહોરમ એ હઝરત ઈમામ હુસેન અઓલય્હિસ્સલામ અને અન્ય કરબલાના શહીદોની સ્મૃતિમાં શોકનો તહેવાર છે. આ દિવસે દરેક મુસ્લિમ કરબલાની યાદમાં ઉપવાસ રાખે છે. જયારે કરબલાના હજરત ઈમામ હુસેનની કુરબાનીને યાદ કરી મહોરમ પર્વની ઉજવણી કરવામાં આવે છે. મહોરમના દિવસે કરબલાની યાદમાં મુસ્લિમ બિરાદરો ઉપવાસ રાખે છે. આ ઉપરાંત શરબત તેમજ દુધની વાનગીઓનુ પણ વિતરણ કરવામાં આવે છે. હુસેનની યાદમાં તાજીયા જુલુસ ભવ્ય શણગારીને કાઢવામાં આવે છે. આજે બપોરે શહેરમાં વિવિધ ત્રણ જગ્યાએથી તાજીયા જુલુસ નિકળ્યા હતા જયારે ત્રણેય ઠેકાણેથી નિકળેલા કલાત્મક તાજીયા જુલુસ ઘ-૫ ખાતે એકત્રિત થયુ હતુ. તાજીયા જુલુસ દરમિયાન કરતબો, છરા અને તલવાર નાનચાકુના વિવિધ પ્રયોગો પણ રજુ કરાયા હતા શહેરમાં નિકળેલા તાજીયા જુલુસનુ ઠેર ઠેર સ્વાગત કરાયુ હતુ. હિન્દુભાઈઓ દ્વારા પણ સેકટરોમાં તાજીયા જુલુસનુ સ્વાગત કરાયુ હતુ જયારે યુવાનો દ્વારા રજુ થતા કરતબો પણ નગરજનો માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. તાજીયા જુલુસ દરમિયાન ઠેર ઠેર વરસાદી પાણી ભરાયેલા હોવાથી હાલાકી વેઠવી પડી હતી. જો કે વરસાદી પાણી વચ્ચેથી પણ તાજીયા જુલુસ નિકળ્યુ હતુ. તાજીયા જુલુસમાં રેઈનકોટ અને છત્રી સાથે નાની બાળાઓ પણ જોડાઈ હતી. તાજીયા જુલુસ દરમિયાન કોમી એખલાસના દ્રશ્યો જોવા મળ્યા હતા. જયારે તાજીયા જુલુસને અનુલક્ષી સેકટરોમાં ઠેર ઠેર શરબતનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. નિયત રૂટમાં તાજીય જુલુસ નિકળ્યા બાદ સાબરમત્તી તટે તાજીયા જુલુસ ઠંડા કરવામાં આવ્યા હતા.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- છીછોરે
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૫, ૭.૪૦, ૧૦.૪૫
- ઈટ ચેપ્ટુર ટુ
(હિન્દી) ૯.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૫૫, ૧૦.૧૫
- સાહો
૯.૦૫, ૧૧.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૬.૪૫, ૯.૧૫, ૧૦.૧૫
- મિશન મંગલ
૯.૧૦, ૩.૦૦, ૧૦.૩૦
- બાટલા હાઉસ
૧૨.૨૫
- ચિલ ઝડપ (ગુજરાતી)
૧૨.૨૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

- છીછોરે
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૩.૩૦, ૪.૨૦, ૭.૨૫, ૯.૩૦, ૧૦.૩૦
- ઈટ ચેપ્ટુર ટુ
(અંગ્રેજી) ૧૨.૩૫, ૬.૪૫
(હિન્દી) ૯.૦૦, ૩.૧૫, ૧૦.૧૫
- સાહો
૯.૧૦, ૧૨.૦૦, ૩.૨૫, ૬.૫૦, ૯.૧૫, ૧૦.૧૫
- મિશન મંગલ
૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
- ચિલ ઝડપ (ગુજરાતી)
૪.૦૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- છીછોરે
૨-ડી (હિન્દી) ૯.૦૦, ૧૦.૩૦, ૧.૩૫, ૩.૧૦, ૪.૪૦, ૭.૪૫, ૯.૨૦, ૧૦.૫૦
- ઈટ ચેપ્ટર ટુ
૨-ડી (હિન્દી) ૮.૪૫, ૧૨.૧૫, ૩.૪૫, ૧૦.૪૫
૨-ડી (અંગ્રેજી) ૭.૧૫
- સાહો
૧૧.૩૦, ૩.૦૫, ૬.૪૦, ૧૦.૧૫
- મિશન મંગલ
૧૨.૦૫
- ચિલ ઝડપ (ગુજરાતી)
૬.૧૫

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટ અને વિદ્યાર્થી લાઈફ સાયકલ મેનેજમેન્ટ પર સંવાદ યોજાયો

ગાંધીનગર, તા.૧૦ ડીપ્લોમાં અને ડીગ્રી એન્જિનિરીંગ વિદ્યાર્થીઓ માટે અભિગમ પ્રોગ્રામમાં જાણીતા વક્તા અને કોર્પોરેટ ટ્રેનર શ્રીમાન અનુરાગ મહેતા, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના અટલ ઈન્ક્યુબેશન સેંટરના ચીફ એકઝીક્યુટીવ ઓફિસર ડો. ચંદન ચેટરજી તથા શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન સંસ્થામાંથી ડો.મુકેશકુમાર જી.પટેલ જેવા મહાનુભાવોએ પોતાનું મંતવ્ય રજુ કર્યું હતું અને વિદ્યાર્થીઓને ઈનોવેશન, સ્ટાર્ટઅપ, શિસ્ત




તથા વિદ્યાર્થી કાળની લાઈફ સાયકલ મૅનેજમેન્ટ (સ્વાસ્થ્ય, ભણતર, જીવન પ્રતિનો અભિગમ) વિગેરે વિષયો પર માહિતગાર કર્યા હતા.

અભ્યાસક્રમના ભાગ રૂપે અને તેમની સાથે વાસ્તવિક જ્ઞાન મેળવવા માટે સન્માનિત સંસ્થાની કાર્યપ્રણાલી પ્રદાન કરવા માટે વિદ્યાર્થીઓને હાઈતાન હુયાન મશીનરી પી. લિમિટેડ, કડી ખાતે ઈન્ડસ્ટ્રીઅલ મુલાકાત યોજવામાં આવી હતી. સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના એકેડેમિક ડિરેક્ટર ડો. ધર્મેશ શાહે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને ઈજનેરી અભ્યાસ માટે જરૂરી લાંબા ગાળાના વિઝન તથા તેને મેળવવા માટે અભ્યાસ સાથે સ્વાસ્થ્યની જરૂરિયાત કેળવાય તે જરૂરી છે.



ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ હરિદ્વાર, હરી કી પૌડી ખાતે ૫૪૪ આત્માઓના અસ્થિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ અસ્થિ વિસર્જન સેવા ઉદયભાઈ ત્રિવેદી, પ્રદીપ સોલંકી, અર્પણ વૈષ્ણવ, ભૂપેન્દ્ર મહેતા, ધ્રુવા જોષી અને મનિષા જોષી દ્વારા કરવામાં આવી હતી.



હાલમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ગાંધીનગર (ગ્રામ્ય) વિભાગીય કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલના હસ્તે કરવામાં આવેલ લોકાર્પણ કાર્યક્રમમાં આઈએફએસ મહેશસિંઘ, મેનેજીંગ ડાયરેકટર તથા ધારાસભ્ય શંભુજી ઠાકોર અને બલરાજસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વીજ ગ્રાહકો તથા અધિકારીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

# આઈઆઈટીઈમાં નવા ૫૧ સર્ટીફિકેટ અભ્યાસક્રમો શરૂ કરાયાં

ગાંધીનગર, તા.૧૦ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન દ્વારા શક્ષકોના જ્ઞાન કૌશલ્યને વધારવા તથા આજના સ્પર્ધત્મક યુગમાં ટકી રહેવા માટે ૫૧ નવા સર્ટીફિકેટ અભ્યાસક્રમો તથા બી.એ. અને એમ.એ, એજ્યુકેશનના વિકેન્ડ અભ્યાસક્રમોની શરૂઆત કરવામાં આવી છે.

આઈઆઈટીઈમાં આવેલ જુદા જુદા સેન્ટર્સ દ્વારા ચાર મહિનાના સમયગાળા વાળા ૫૧ સર્ટીફિકેટ કોર્સીસ ચલાવવામાં આવશે. સારી બાબત એ છે કે આ ૫૧ સર્ટીફિકેટ અભ્યાસક્રમોમાંથી જો અલગ અલગ ચાર સર્ટીફિકેટ અભ્યાસક્રમ કોઈ વિદ્યાર્થી પૂર્ણ કરશે તો તેને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાની ડિગ્રી એનાયત થઈ શકશે.

આ બધા જ અભ્યાસક્રમો નોકરિયાત વર્ગને ધ્યાનમાં રાખીને બનાવ્યા હોવાથી શનિવાર તથા રવિવારના દિવસે જ લેક્ચર્સ રહેશે.

આ અભ્યાસક્રમો વિષે જણાવતા આઈઆઈટીઈના માનનીય કુલપતિ હર્ષદ પટેલે જણાવ્યું હતું કે આજનો યુગ એ ઈ- સ્પર્ધા નો યુગ છે, ઈ સ્પર્ધા એટલે ઈન્ટેલીજન્ટ સ્પર્ધા, જ્ઞાન અને કૌશલ્યની સ્પર્ધા ત્યારે વિદ્યાર્થી આ સ્પર્ધમાં ટકી રહે અને એવા કૌશલ્ય નો વિકાસ કરે જે તેને ભવિષમાં કોઈ પણ જગ્યાએ કાર્યરત થાય ત્યારે કામ લાગે તે છે. આ તમામ અભ્યાસક્રમો વિદ્યાર્થીમાં જ્ઞાનાત્મક વિકાસ તો કરશે જ સાથે સાથે તેમનો ભાવાતત્મક વિકાસ થાય તેવી કોર્સ પેટર્ન રાખવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે આ અભ્યાસક્રમો એ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પાયારૂપ ધ્યેયને કેન્દ્રમાં રાખીને અને તેમાં સૂચિત કરેલ વિષયોને અનુલક્ષીને બનાવવામાં આવ્યા છે.

# ન્યુ ગાંધીનગર પાણીમાં ગરકાવ



ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી રાત્રીના સમયે ઝરમરઝરમર વરસાદ વરસી રહ્યો છે. પરંતુ મંગળવારની વહેલી સવારે અચાનક ધોધમાર વરસી પડેલા વરસાદને પગલે ન્યુ ગાંધીનગરના કુડાસણ, રાયસણ, સરગાસણ સહિતની સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. સામાન્ય વરસાદમાં ન્યુ ગાંધીનગરના વસાહતીઓની આ હાલત થાય છે તો વધુ વરસાદ પડે તો શું હાલત થાય તે કલ્પના માત્રથી ધ્રુજી ઉઠાય છે. ન્યુ સરગાસણ વિસ્તારમાં કેટલાક સ્થળોએ ઢીંચણ સમા પાણી ભરાઈ જાય છે ત્યારે પાણીમાંથી વાહન લઈને નીકળવુ પણ નાગરીકો માટે મુશ્કેલીરૂપ બની જાય છે. ત્યારે આજે સવારે વાહનોને ધક્કા મારતા તો ફસાયેલા વાહનો નજરે પડી રહ્યા હતા. કેટલાક પોચી જમીનમાં વાહનો ખુપી જતા અન્ય વાહનની વાટ જોઈને ઉભા હતા.જયારે દ્વિચક્રી વાહનો પાણીમાં બંધ થઈ જતા નગરજનો હેરાન થઈ ગયા હતા. જયારે સરગાસણ ગામમાં પણ વરસાદી પાણી ભરાઈ જતા આવન-જાવનમાં પારાવાર તકલીફનો સામનો કરવો પડે છે. મહાકાળી માતાજીના મંદિર પાસેથી છેક ગામના વહેરાઈ માતાજીના મંદિર સુધી ઢીંચણથી પણ વધુ પાણી ભરાઈ રહેતા ગ્રામજનોને ભારે મુશ્કલીનો સામનો કરવો પડે છે ત્યારે આસપાસની સોસાયટીઓમાં માર્ગના લેવલ અને પાણી નિકાલની અયોગ્ય વ્યવસ્થાના અભાવે નાગરીકોને હેરાન થવું પડે છે. ત્યારે આજે રજા હોવાથી કેટલાક નાગરીકો વરસાદી મૌસમની મોજ માણતા પણ નજરે પડ્યા હતા. ત્યારે છેલ્લા ત્રણ દિવસથી રાત્રીના સમયે વરસતા વરસાદે સવારના સમયે ધોધમાર વરસતા બે ઈંચ જેટલો વરસાદ પડતા સોસાયટીઓ અને માર્ગો પાણીમાં ગરકાવ થઈગઈ હતી. ત્યારે સ્થાનિક નાગરીકોમાં તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા થાય તેવી માંગ ઉઠવા પામી છે.

# કોબા પાસે રીક્ષા અને બસ વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૧૦ ગાંધીનગરમાં કોબા પાટીયા પાસે વહેલી સવારે ૬ વાગ્યાના અરસામાં એક રીક્ષાને ટક્કર મારી એસટી બસનો ચાલક ફરાર થઈ ગયો હતો. અમદાવાદ શાહપુરમાં રહેતા ગુમાલ મયુદીન શેખ ભાડાની રીક્ષા ચલાવે છે. મંગળવારે સવારે વહેલી સવારે તેઓ પેસેન્જર લઈને કોબા ગામના પાટીયા થઈ અમદાવાદ તરફ જઈ રહ્યા હતા તે સમયે એસટી બસના ચાલકે રીક્ષાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રીક્ષા બસ સાથે ઘસડાઈ હતી અને રીક્ષા ચાલક પટકાતા હાથે અને પગે ઈજા પહોંચી હતી. આ ઘટનાને પગલે એસટી બસનો ચાલક બસ મુકીને ફરાર થઈ ગયો હતો. જો કે નાગરીકોએ ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે મોકલી અપાયા હતા. જયાં તેમણે અજાણ્યા એસટી બસના ચાલક સામે ફરીયાદ નોંધાવતા ઈન્ફોસીટી પોલીસે તપાસ શરુ કરી છે.



શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન જયારે બરાબર થઈ નથી રહ્યું ત્યારે સે-૧ના રહેવાસી જયસિંઘાની પરિવાર દ્વારા ઈકો ફ્રેન્ડલી શ્રીજીની મૂર્તિ જાતે જ બનાવી વિસર્જન ઘરે કરવામાં આવ્યું હતું.

# સિવિલની છતમાંથી મસમોટું પોપડું પડ્યું

ગાંધીનગર, તા.૧૦ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જુના બ્લોકનું રીપેરીંગ ચાલી રહ્યું છે તેવા સમયે ડી-૨ પાસે લોબીમાં સોમવારના રોજ બપોરના સુમારે અચાનક પોપડુ પડતા ત્યાંથી પસાર થતા દર્દી, કર્મચારીઓ, મુલાકાતીઓનો આબાદ બચાવ થયો હતો. પોપડા પડવાનો અવાજ એટલો જોરદાર હતો કે આસપાસમાં હાજર નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે બનાવ અંગે પીઆઈયુ વિભાગને જાણ કરવામાં આવતા રીપેરીંગ કામ હાથ ધરવામાં આવશે. પરંતુ આ જર્જરીત બિલ્ડીંગમાં કેટલાક વિભાગોમાં વોર્ડ પણ કાર્યરત છે. ત્યારે સિવિલમાં આવતા દર્દીઓ ઝળુંબતા ખતરા વચ્ચે સારવાર માટે આવી રહ્યા છે.





શહેરના ક-૭ સર્કલથી આગળ વકીલ મંડળ સંચાલિત મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રની મુલાકાતે જાણીતા ગાયિકા કિંજલ દવે આવ્યા હતા.

# હિન્દી દિવસના ઉપક્રમે શહેરના બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૧૦ ગાંધીનગરના સેકટર-૨૩માં બ્રહ્માણી કૃપા હોલ ખાતે બેંક ઓફ બરોડાની બરોડા એકાદમી રાજકોટના સૌજન્યથી 'હિન્દી દિવસ'ની ઉજવણી અંતર્ગત સોમવારે એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના બાળકો માટે 'હેપ્પી બર્થ ડે' કાર્ડ બનાવવાની હરિફાઈ યોજવામાં આવી હતી. જેમાં ૧૦૬ બાળકોએ વિજેતા જાહેર કરાયા હતા. આ સાથે શહેરની અંધશાળાના દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે ગાયન સ્પર્ધા પણ યોજવામાં આવી હતી.

કાર્ડ મેકિંગ સ્પર્ધામાં બરોડા અકાદમી રાજકોટના પ્રાચાર્ય મુકેશકુમાર રાજભાષા અધિકારી ચન્દ્રવીર રાઠોર અને હરિહર દેવજાજીએ નિર્ણાયક તરીકે ભૂમિકા બજાવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે માસુમ પટેલ, દ્વિતિય ક્રમે સેહજૂર મનસુરી, તૃતીય ક્રમે રિધ્ધિ પટેલ, ચતુર્થ સ્થાને માનસી પરસાનિયા, પાંચમા ક્રમે હેતલ દક્ષિણી, છઠ્ઠા ક્રમે ધારણી સાહુ, સાતમા ક્રમે સાગર પ્રદનાની તેમજ એક વિશિષ્ટ ઈનામ તરકે આલિયા રિફાઈને વિજેતા પદે પસંદ કરાયા હતા. ગાયન સ્પર્ધામાં ૧૯ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે ચિત્રા વ્યાસ અને મનીષાબેન ત્રિપાઠીએ સેવા આપી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કૌશલ રાઠોડ, દ્વિતિય ક્રમે મોહિત વિશ્વકર્મા, તૃતીય ક્રમે દમયન્તી વાઢેર, ચોથા ક્રમે પિનલ ભગોરા અને પાંચમા ક્રમે પિન્ટૂ પરમારને વિજેતા જાહેર કરાયા હતા. આ કાર્યક્રમના આયોજન માટે એમ.બી. પટેલ સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન, ડૉ.વર્ષાબેન પારેખ, ચિત્રાબેન વ્યાસ તથા અંધશાળાના શિક્ષક તેજલ પરમાર, આચાર્ય ઘનશ્યામભાઈ દેસાઈ અને ટ્રસ્ટી જયંતિભાઈએ જહેમત ઉઠાવી હતી. વિજેતા બાળકોને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.






## ચિરવિદાય

- સ્વ. ચાવડા શાંતાબેન હેમતુજી, ઉ.વ. ૮૩
- સ્વ. ઠાકોર ધૂળાજી લાલાજી, ઉ.વ. ૬૭
- સ્વ. પટેલ રાજેશભાઈ પસાભાઈ, ઉ.વ. ૪૭
- સ્વ. પરમાર હિરાબેન ચંદુજી, ઉ.વ. ૮૦
- સ્વ. સોલંકી શંભુજી જવાનજી, ઉ.વ. ૭૮
- સ્વ. પરમાર વિમળાબેન મોહનલાલ, ઉ.વ. ૭૭